# સોશિયલ મીડિયાનો જાદુ કે જાળ?

એક સમય હતો જ્યારે ગામના ચોરાહે કે શહેરના પાનના ગલ્લે સાંભળેલી અફવા ધીમે ધીમે લોકો સુધી પહોંચતી હતી. આજે એ જ અફવા સ્માર્ટફોનની સ્ક્રીન પર એક ક્લિકમાં લાખો લોકો સુધી પહોંચી જાય છે. પહેલાં લોકો કહેતા, 'સાંભળેલી વાત સાચી હોય જ એવું નથી.' હવે લોકો કહે છે, 'વોટ્સએપ પર આવ્યું છે એટલે સાચું જ હશે!' આ માનસિકતા જ આજના ડિજિટલ યુગનો સૌથી મોટો પડકાર છે. ભારતમાં આજે કરોડો લોકો સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે છે. માહિતી મેળવવા માટે અખબાર કે ટેલિવિઝન કરતાં પહેલાં મોબાઈલ ખોલવામાં આવે છે. ફેસબુક, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ, એક્સ (ટ્વિટર) અને યુટ્યુબ જેવા પ્લેટફોર્મ જાણે સમાચારનું સૌથી ઝડપી માધ્યમ બની ગયા છે. પરંતુ ઝડપની આ દોડમાં સત્ય ઘણીવાર પાછળ રહી જાય છે. પરિણામે ફેક ન્યૂઝનું એવું જાળું રચાય છે કે સાચા અને ખોટા વચ્ચેનો ભેદ કરવો મુશ્કેલ બની જાય છે.

ફેક ન્યૂઝ એટલે માત્ર ખોટા સમાચાર નહીં. તેમાં જૂના ફોટાને નવા બનાવ તરીકે રજૂ કરવો, એક દેશની ઘટનાને બીજા દેશની બતાવવી, વિડિયોને કાપકૂટ કરીને અલગ અર્થ આપવો, કોઈ વ્યક્તિના નામે ખોટાં નિવેદનો વાયરલ કરવાં કે AI દ્વારા બનાવેલા ડીપફેક વિડિયો ફેલાવવા જેવી અનેક રીતો સામેલ છે. આ બધું માત્ર મજાક નથી, પરંતુ સમાજ માટે ગંભીર ખતરો બની રહ્યું છે.

કલ્પના કરો કે કોઈ શહેરમાં અચાનક એવો મેસેજ વાયરલ થાય કે 'ફલાણા વિસ્તારમાં ઝેરી ગેસ લીક થયો છે, તરત ભાગો.' થોડા જ સમયમાં લોકો ગભરાઈને રસ્તા પર દોડી આવે, ટ્રાફિક જામ થઈ જાય અને હોસ્પિટલોમાં ફોનની લાઈનો વ્યસ્ત થઈ જાય. પછી ખબર પડે કે આખો મેસેજ ખોટો હતો. આવા બનાવો માત્ર ગભરાટ જ નહીં, પરંતુ જીવલેણ પરિસ્થિતિ પણ ઊભી કરી શકે છે.

ભારતમાં અનેક વખત સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી અફવાઓના કારણે નિર્દોષ લોકો પર હુમલાની ઘટનાઓ બની છે. ચૂંટણી દરમિયાન ખોટી માહિતી મતદારોને ગેરમાર્ગે દોરી શકે છે. ધાર્મિક અથવા સામાજિક મુદ્દાઓ પર ફેલાતી અફવાઓ સમાજમાં અવિશ્વાસ અને તણાવ વધારી શકે છે. એટલે ફેક ન્યૂઝ હવે માત્ર ટેક્નોલોજીનો પ્રશ્ન નથી, પરંતુ સામાજિક જવાબદારીનો વિષય બની ગયો છે.

**ડીપફેક ટેક્નોલોજી ચૂંટણી, નાણાકીય છેતરપિંડી અને વ્યક્તિગત પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના સૌથી મોટા હથિયારોમાંની એક બની શકે છે**

આ બધામાં સૌથી ચિંતાજનક બાબત એ છે કે લોકો સમાચાર વાંચતાં ઓછા અને ફોરવર્ડ કરતાં વધુ થયા છે. કોઈ મેસેજ સાચો છે કે નહીં તેની તપાસ કરવાની તસ્દી ઘણા લોકો લેતા નથી. એક જ ક્લિકથી ખોટી માહિતી હજારો લોકો સુધી પહોંચી જાય છે. ઘણીવાર લોકો સારા ઈરાદાથી પણ ખોટી માહિતી વહેંચી દે છે. પરંતુ સારા ઈરાદા ખોટી માહિતીનું નુકસાન ઓછું કરી શકતા નથી. સોશિયલ મીડિયાના અલ્ગોરિધમ પણ એવી સામગ્રીને વધુ ઝડપથી આગળ ધપાવે છે જે લોકોનું ધ્યાન ખેંચે. ડર, ગુસ્સો, આશ્ચર્ય કે ઉત્સુકતા પેદા કરતા સંદેશાઓ ઝડપથી વાયરલ થાય છે. એટલે જ ઘણીવાર સત્ય કરતાં સનસનાટી વધુ ઝડપથી દોડે છે. કહેવાય છે કે 'જૂઠું અડધું વિશ્વ ફરી આવે ત્યાં સુધી સત્ય પોતાના જોડા પહેરતું હોય છે.' ડિજિટલ યુગમાં આ કહેવત પહેલાં કરતાં વધુ સાચી લાગે છે.


હવે કોઈ વ્યક્તિનો અવાજ, ચહેરો કે વિડિયો એટલી કુશળતાથી તૈયાર થઈ શકે છે કે સામાન્ય માણસ માટે સાચું અને નકલી ઓળખવું મુશ્કેલ બની જાય.

ડીપફેક ટેક્નોલોજી ચૂંટણી, નાણાકીય છેતરપિંડી અને વ્યક્તિગત પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના સૌથી મોટા હથિયારોમાંની એક બની શકે છે.

સરકારો, સોશિયલ મીડિયા કંપનીઓ અને કાનૂની સંસ્થાઓ પોતાના સ્તરે પ્રયાસ કરી રહી છે. ખોટી માહિતી દૂર કરવી, ફેક્ટ-ચેકિંગની વ્યવસ્થા મજબૂત બનાવવી, શંકાસ્પદ એકાઉન્ટ સામે કાર્યવાહી કરવી અને ડિજિટલ સુરક્ષા અંગે જાગૃતિ લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ માત્ર કાયદાથી આ સમસ્યાનો સંપૂર્ણ ઉકેલ આવી શકે તેમ નથી. કારણ કે દરેક મોબાઈલનો સૌથી મોટો નિયામક તેનો વપરાશકર્તા જ છે. ડિજિટલ જવાબદારીનો અર્થ માત્ર સારો મેસેજ લખવો નથી. તેનો અર્થ છે કે કોઈ પણ સમાચાર શેર કરતાં પહેલાં તેનો સ્ત્રોત તપાસવો, વિશ્વસનીય માધ્યમોમાં તેની પુષ્ટિ કરવી, ફોટો કે વિડિયો સાચો છે કે નહીં તે તપાસવાનો પ્રયાસ કરવો અને માત્ર વાયરલ છે એટલે સાચું છે એવું ન માનવું. એક જવાબદાર નાગરિક તરીકે આટલું કરવું આજના સમયમાં દેશસેવા જેટલું જ મહત્ત્વનું બની ગયું છે.

ડિજિટલ યુગમાં સમજદારી એ જ સૌથી મોટી સુરક્ષા છે. આપણે ઘણીવાર કહેતા હોઈએ છીએ કે 'એક શેરથી શું ફરક પડે?' પરંતુ હકીકતમાં એક ખોટો શેર હજારો લોકો સુધી પહોંચીને અફવા, ગેરસમજ અને નુકસાનનું કારણ બની શકે છે. બીજી તરફ એક જવાબદાર નિર્ણય અનેક લોકોને ગેરમાર્ગે દોરાતા બચાવી શકે છે. એટલે દરેક વ્યક્તિ પોતે જ એક પ્રકારનો સંપાદક છે. જે બટન પર આપણે અંગૂઠો મૂકીએ છીએ, ત્યાંથી સમાજમાં વિશ્વાસ વધે પણ શકે અને તૂટી પણ શકે. સોશિયલ મીડિયાએ વિશ્વને નજીક લાવ્યું છે, જ્ઞાનનો ભંડાર આપ્યો છે અને સામાન્ય માણસને પણ પોતાનો અવાજ આપ્યો છે. પરંતુ આ શક્તિ સાથે જવાબદારી પણ એટલી જ મોટી આવે છે. માહિતીના આ મહાસાગરમાં તરતાં પહેલાં સત્યની હોડી સાથે રાખવી જરૂરી છે. કારણ કે ફેક ન્યૂઝની દુનિયામાં સૌથી મોટી ક્રાંતિ કોઈ નવી ટેક્નોલોજી નહીં, પરંતુ જાગૃત અને જવાબદાર નાગરિક જ લાવી શકે છે.

અંતે એટલું જ કહી શકાય કે મોબાઈલ આપણા હાથમાં છે, પરંતુ સમાજનું ભવિષ્ય પણ એ જ હાથમાં છે. તેથી દરેક ફોરવર્ડ પહેલાં એક ક્ષણ વિચારીએ, દરેક સમાચાર પહેલાં સત્યને તપાસીએ અને ડિજિટલ દુનિયામાં જવાબદાર નાગરિક બનીએ. કારણ કે ફેક ન્યૂઝનો સૌથી અસરકારક ઉપચાર કોઈ એપ્લિકેશન નહીં, પરંતુ જાગૃત મન છે.





# મારવાડી ભાષાઃ નિવડ ગયો, રામ રાજી, થારે હિયા મેં કાંગસી ફેર

**અબીલ ગુલાલ**
**જયવંત પંડયા**

રાજસ્થાન એટલે વીરતાનો પ્રદેશ. રાજસ્થાન એટલે રણનો પ્રદેશ. રાજસ્થાન એટલે અભાવનો પ્રદેશ. વરસાદ હવે પડે છે, પણ પહેલાં વરસાદનો અભાવ હતો. દૂરદૂર સુધી પાણી લેવા જવું પડે. સૌરાષ્ટ્ર અને કચ્છ જેવું જ. પરંતુ નર્મદા મૈયાનો આભાર અને ભાજપ સરકારે નર્મદા યોજના પૂરી કરી તેથી રાજસ્થાનના જેલોર સુધી પાણી પહોંચવા લાગ્યું અને જીવન ધબકવા લાગ્યું. આપણે જાણીએ છીએ કે વરસાદ નદી કે સાગરના પાણીના બાષ્પીભવનથી બંધાતાં વાદળથી આવે છે. અને એટલે જ ગુજરાતના સૌરાષ્ટ્ર-કચ્છ કે રાજસ્થાનમાં વરસાદ ધમધોકાર પડવા લાગ્યો છે.

**અભાવના પ્રદેશ રાજસ્થાનના લોકોએ આટલી બધી પ્રગતિ કેમ કરી છે તે જાણવું હોય તો તેની સંસ્કૃતિ અને તેની ભાષા જાણવી પડે. આવો જાણીએ કેટલીક કહેવતો અને શબ્દપ્રયોગો**

પરંતુ વાત રાજસ્થાનના લોકોની સકારાત્મક વિચારસરણીની કરવી છે. શું તમને ખબર છે કે રાજસ્થાનમાં 'ઓછું' (કમ) શબ્દનો પ્રયોગ નથી કરાતો? હા, સાચી વાત છે. માનો કે ઘરમાં લોટ ઓછો થઈ ગયો હોય તો ગૃહિણીઓ એવું ન કહે કે 'આટો કમ હૈ', 'આટો ખતમ હોનેવાલો હૈ'. તેઓ એમ કહેશે કે 'આટો બધુંય છે, પીસણોપીસાવણો હૈ'. એટલે કે દળાવવા જવાનું બાકી છે. હજારો વર્ષો પહેલાં આ લોકોને કયા મૉટિવેશનલ સ્પીકર શીખવાડવા ગયા હશે કે નેગેટિવ નહીં બોલવાનું?

આ જ રીતે તેઓ એમ પણ નહીં બોલે કે 'ખતમ હો ગયો'. તેના બદલે કહેશે, 'નિવડ ગયો', 'પૂરો વે ગિયો'.

દાદો સા, નાનો સા, બાબો સાને તેમના સંતાનનો પગાર પૂછશો તો તે કહેશે, 'રામ રાજી હૈ, દાલરોટી કી વ્યવસ્થા હો જાવે'. કેટલી સકારાત્મક વિચારસરણી ! પરંતુ કોઈ માણસ સાધનસંપન્ન છે તો તેનો દેખાડો નહીં કરે. અને કોઈ ચીજ ઓછી છે તો તેનો શોક નહીં કરે. એક રીતે જોઈએ તો, શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રી કૃષ્ણએ સ્થિતપ્રજ્ઞ વ્યક્તિનાં જે લક્ષણો કહ્યાં હતાં, તે જ થયાં.

આ જ રીતે રાજસ્થાનમાં એક કહેવત છે, 'પગ કાદૈ મેં અર જાજમ પર બૈઠવા દે'. રાજસ્થાનની ભાષા અને ગુજરાતીમાં ઘણી સામ્યતાઓ છે. આ જ રીતે હરિયાણવી અને ગુજરાતીમાં પણ ઘણી સામ્યતા છે. કનપુરિયા એટલે કે કાનપુરમાં બોલાતી અને ગુજરાતીમાં પણ ઘણી સામ્યતા છે. 'હપ્પુસિંહ કી ઉલટન પલટન'માં હપ્પુસિંહ 'હતો', 'હતી' બોલે છે તે હિન્દીમાં નથી. હિન્દીમાં 'થા', 'થી' બોલાય છે. પણ ગુજરાતમાં ભૂતકાળ માટે હતો અને હતી પ્રયોગ થાય છે. આ જ રીતે 'ણ' અક્ષરનો પ્રયોગ હિન્દીમાં નહીંવત્ છે. મહાભારતના પાત્ર કરણથી લઈને આજના કરણ જોહરનું નામ હવે અંગ્રેજીના પ્રભાવના કારણે કરન થઈ ગયું છે. પરંતુ હરિયાણામાં અને રાજસ્થાનમાં ગુજરાતીની જેમ જ 'ણ' અક્ષર હજુય બોલાય છે. પાણી, ઘણો ચોખ્ખો. ખમ્મા ઘણી. આ શબ્દસમૂહો ત્યાં હજુ બોલાય છે.

તો, 'પગ કાદૈ મેં અર જાજમ પર બૈઠવા દે' આવી મારવાડી કહેવતનો અર્થ શું છે? એ જ કે તમે કંઈ પ્રદાન ન કરતા હો અને તમે અપેક્ષા ઘણી બધી રાખો. સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતજીએ જેના માટે કૉકરોચ શબ્દ પ્રયોગ કરેલો તેવા લોકો. આ મારવાડી કહેવતનો અર્થ એ છે કે તમારા પગ કાદવવાળા છે અને તમે જાજમ પર બેસવા માગણી કરો છો. પરંતુ સૂક્ષ્મ ભાવાર્થ એ કે તમારે માન કમાવું જોઈએ, માગવું ન જોઈએ. સામેથી માન માગો અને મળે તે શું કામનું? તમારું વ્યક્તિત્વ જ એવું હોય કે તમને સામેની વ્યક્તિ આપોઆપ માન આપે.

આના માટે તમારી બેસવાની છટા, ચાલવાની છટા, જોવાની છટા, તમારી ભાષા, તમારો વ્યવહાર એ બધું તમારે જોવું જોઈએ. જો આ બધું ગરિમાપૂર્ણ હોય તો તમને આપોઆપ માન મળે જ. ઘણી વ્યક્તિને જોઈને જ આપણને કેમ માન આપવાનું મન થાય છે? તેનો વ્યવહાર, તેની ચાલવાની છટા, બેસવાની છટા. તમે કોઈ જગ્યાએ ગયા હો અને ત્યાં સોફા પર બેસી સામે ચાનો કપ મૂકવા માટે મૂકેલા ટેબલ પર પગ ચડાવીને બેસી જાવ તો? તમે ઈન્ટરવ્યૂ આપવા ગયા હો અને દરવાજાને ખટખટાવ્યા વગર જ અંદર પહોંચી ઈન્ટરવ્યૂ લેનારને નમસ્તે કે ગુડ મૉર્નિંગ પણ ન કરો અને તે ન કહે તે પહેલાં જ ખુરશીમાં બેસી જાવ તો? તમને ત્યાંથી કાઢી જ મૂકે અથવા પાસ તો ન જ કરે. ભલે તમે ગમે તેટલા સાચા ઉત્તરો આપ્યા હો. થોડા દિવસ પહેલાં જંતરમંતર પર જે ભાષા પ્રયોગ સેના માટે અને વડા પ્રધાન માટે થયો તેવો તો બૉસ માટે ભૂલેચૂકેય ન કરાય. ઑફિસમાંથી પાણીચું જ મળી જાય.

જંતરમંતર પર જેન-ઝીના નામે જે લોકોએ જે પ્રકારની અભદ્રતા અને ગાળાગાળી કરી તેને રાજસ્થાની ભાષામાં શું કહેવાય ખબર છે? 'લાડોકડા હી માએ તારા નામ કાઢે'. નામ કાઢ્યો એટલે કુળનું નામ ઉજાળ્યું તેવો અર્થ નહીં, કુળનું નામ ડૂબાડ્યું. અતિશય લાડથી બાળક બગડી જાય અને એવું કંઈ વર્તન કરે તો આવું કહેવાય. જેન-ઝીના ઘણા લોકો અથવા ૨૧મી સદીની શરૂઆતમાં અમેરિકામાં જન્મેલા બાળક માટે કહેવાતું- એબીસીડી. અમેરિકન બૉર્ન કન્ફ્યૂઝ્ડ દેશી. તેના માટે રાજસ્થાનીમાં શું કહેવાય? ગાપાચૂક. અને જંતરમંતર પર કૉકરોચોએ પોતે જે ગંદી ગાળો સાથે વાતો કરી તેના માટે માફી માગી રહ્યા છે. આના માટે મારવાડી શીખામણ શું કહે છે? 'થારે હિયા મેં કાંગસી ફેર'. એટલે કે પોતાના મનમાં દાંતિયો (કાંસકો) ફેરવીને જુઓ. એટલે કે બોલતા પહેલાં દસ વાર વિચાર કરો. મનમાં આવે એવું ફટ દઈને બોલી ન નખાય.

આવી બીજી એક રાજસ્થાની કહેવત છે, 'પગ મેં લિથડા, કાંધે પે દુપટ્ટો'. કોઈ વ્યક્તિ લેટેસ્ટ ફૉન રાખતી હોય, પણ પગમાં ફાટેલા ચપ્પલ હોય કે બૂટ હોય તો તેના માટે આ કહેવત છે કે 'પગ મેં લિથડા, કાંધે પે શાલ અથવા દુપટ્ટો'. તમારું ફાઉન્ડેશન મજબૂત હોવું જોઈએ. તમારો પાયો મજબૂત હોવું જોઈએ. રાજસ્થાની સંસ્કૃતિ આ પાયા પર મહત્ત્વ આપે છે, દેખાડા પર નહીં. એટલે જ તમે જુઓ કે મારવાડી પ્રજા આટલી સુખી, સમૃદ્ધ કેમ છે અને પ્રગતિ કેમ કરે છે?

અનુસંધાન પાના એકનું

## બહુશ્રુત

પ્રાચીન કથામાં અપરાધભાવનું વજન આખી દેવસૃષ્ટિ વચ્ચે વહેંચાઈ શકે છે; એવી દેવસૃષ્ટિ, જે મનુષ્યે કરેલાં કર્મોનો કેટલોક ભાર પોતાના ખભા પર લઈ શકે.

નોલન એ આખી દેવસૃષ્ટિને હટાવી દે છે અને દેવતાઓ અત્યાર સુધી જે બધું ઉપાડતા આવ્યા હતા, એ બધાની વચ્ચે એક માણસને એકલો ઊભો રાખે છે. આ પરિવર્તનથી વાર્તાનું કદ નથી ઘટતું, તેની આભા નથી ઘટતી, પરંતુ તે વધુ ક્રૂર અને કઠોર બને છે. એક માણસને વીસ વર્ષનાં યુદ્ધ, ભટકાટ અને મૃત્યુનું વજન ઉપાડવું પડે છે. પોતાના ઘરમાં માર્યા ગયેલા પુરુષોનો ભાર પણ તેણે જ સહન કરવાનો છે. હવે તે કોઈ દેવતાને આ માટે જવાબદાર ઠેરવી શકે તેમ નથી.

એક સમયે અપરાધભાવ વહેંચાયેલો હતો. હવે તેનું ખાનગીકરણ થઈ ગયું છે. અને છતાં પણ અહીંથી આ આખી વાત ખરેખર અગત્યની બને છે, કારણ કે નોલનના ઓડિસ્યૂસને પણ હોમરના ઓડિસ્યૂસને જે મળ્યું હતું એ બધું જ મળે છે–રાજગાદી, તેની પત્ની, તેનો દીકરો અને ફરી સ્થાપિત થયેલું સામ્રાજ્ય.

ફરક માત્ર એટલો છે કે આ બધું મેળવતાં પહેલાં તેને ખૂબ પસ્તાવો થાય છે. Gen Zની ભાષામાં કહીએ તો એને 'બૅડ ટ્રિપ' મળી રહી છે. જાણે તેને દોષમુક્તિ મળી રહી હોય એવી રીતે લખાયેલા દૃશ્યમાં તે પશ્ચાત્તાપ વ્યક્ત કરે છે અને ત્યાર પછી અંત તેને એ જ પુરસ્કાર આપી દે છે, જે તેને યુદ્ધનો ગર્વ કર્યા પછી પણ મળવાનો જ હતો.

આથી કોઈ પણ પ્રાચીન કે આધુનિક રિડેમ્પશન આર્ક વિશે પૂછવા જેવો એકમાત્ર પ્રશ્ન ઊભો થાય છે: જો પશ્ચાત્તાપની કિંમત ચૂકવવા માટે કોઈ શક્તિશાળી પુરુષને પોતાનું સિંહાસન કે પોતાની હિંસાથી મળેલું કશું જ ન ગુમાવવું પડે, તો શું એને ખરેખર જવાબદારી સ્વીકારવી કહેવાય? કે પછી એ શક્તિશાળી પુરુષોને મળેલો સૌથી જૂનો વિશેષાધિકાર છે, જેમાં તેને પોતાનાં કર્મોનાં ફળ પોતાની પાસે જ રાખવા મળે છે, માત્ર એ શરતે કે એ ફળ મેળવતાં પહેલાં તેણે પોતાની પીડા અને અફસોસ વ્યક્ત કરવાં પડે?

બન્ને અર્થઘટનોને સામસામે મૂકીએ તો બન્ને માટે કોઈક કિંમત ચૂકવવી પડે છે. જે પ્રેક્ષકોને નોલનનો ઓડિસ્યૂસ હોમરના ઓડિસ્યૂસ કરતાં વધુ પ્રામાણિક લાગે છે, તેમણે એ સમજાવવું પડશે કે સજાનું સ્થાન માત્ર અપરાધભાવે લઈ લીધું, ત્યારે જ આ પાત્ર વધુ પ્રામાણિક કેમ લાગ્યું?

અને જે પરંપરાવાદીઓને આ ઓડિસ્યૂસ નબળો કે વામણો લાગે છે, તેમણે તો પહેલાંથી જ લખી રાખ્યું છે કે નોલને આ વાર્તામાંથી દેવતાઓ અને ભવ્યતા છીનવી લીધી છે. હવે તેમણે એ સમજાવવું પડશે કે ક્રોધિત સમુદ્રદેવ પર દોષ મૂકીને મનુષ્યને જવાબદારીમાંથી મુક્ત કરી દેતી બ્રહ્માંડીય વ્યવસ્થા વધુ સત્યનિષ્ઠ કેવી રીતે હતી? હોમરના મહાકાવ્યના અંતમાં તલવાર છે. નોલનના અંતમાં એક એવો પડદો છે, જેની આરપાર સ્પષ્ટ જોઈ શકાતું નથી. પરંતુ સાચો હિસાબ આ બન્નેમાંથી એકેય જગ્યાએ થતો નથી.

ભારતીય પ્રેક્ષકોએ આ ફિલ્મ જોતાં એક બીજી સમાનતા પણ નોંધી છે, જેને ઓડિસ્યૂસના અપરાધભાવ સાથે કોઈ સંબંધ નથી. કથાના અંત તરફ ઓડિસ્યૂસ પોતાની ઓળખ સાબિત કરવા માટે એવા ધનુષ્યની પણછ ચડાવે છે, જેને મહેલમાં હાજર બીજો કોઈ પુરુષ વાળી પણ શકતો નથી. બીજા એક મહાકાવ્ય સાથે મોટા થયેલા દરેક ભારતીય પ્રેક્ષકે આ દૃશ્ય તરત ઓળખી લીધું છેઃ એક એવો હીરો, જેની ઓળખ અને પત્ની પરનો તેનો અધિકાર એવા શસ્ત્ર દ્વારા સાબિત થાય છે, જેને માત્ર તે જ હેન્ડલ કરી શકે તેમ છે.

રામ પણ એવા ધનુષ્યને ઉઠાવીને અને તોડીને સીતાનો હાથ જીતે છે, જેને બીજો કોઈ મુરતિયો ઊંચકી પણ શકતો નથી. શિવજીનું પિનાક ધનુષ્ય હતું, જે રામે સીતાના સ્વયંવરમાં તોડ્યું હતું. આ ચોક્કસ દૃશ્ય એક મહાકાવ્યની પરંપરામાંથી બીજી પરંપરામાં પહોંચ્યું હોય એવા કોઈ સ્થાપિત પુરાવા નથી. તેથી આ સમાનતા ઓછી નહીં, પરંતુ વધુ રસપ્રદ બને છે.

એકબીજાથી હજારો માઈલ દૂર રહેલી બે સંસ્કૃતિઓએ સ્વતંત્રપણે નક્કી કર્યું કે કોઈ રાજા હજી પણ પોતાના સિંહાસનને લાયક છે કે નહીં તેનો પુરાવો તેના મોઢેથી કરાયેલી કબૂલાત નહીં, પરંતુ તેના હાથમાં રહેલું શસ્ત્ર આપશે. નોલને પોતાના હીરોને કબૂલાત આપી, પણ ધનુષ્ય તેણે યથાવત્ રાખ્યું.

અનુસંધાન પાના એકનું

## મનકા સિતાર

ત્યારે તે ખાલી પડેલી બેઠકની પેટાચૂંટણી માટે કોંગ્રેસ યોગ્ય ઉમેદવારની શોધ કરી રહી હતી. મોરારજી દેસાઈને તત્કાલીન ખેડા જિલ્લાના યુવાન ધારાસભ્ય બાબુભાઈ જશભાઈ પટેલે તે બેઠક માટે માધવસિંહનું નામ સૂચવ્યું અને આનાકાની બાદ માધવસિંહ ઉમેદવારી કરવા તૈયાર થયા. આમ, રાજકારણમાં ન પડવા માગતા એક વકીલનો ઓચિંતો રાજયોગ શરૂ થયો અને તે તેમની કાયમી વિદાય પછી પણ વારસામાં ઊતર્યો. તેમણે ચાર વખત મુખ્યમંત્રીપદના શપથ લીધા. તેમના શાસનકાળમાં કેટલાક દૂરોગામી અસરો ધરાવતા નિર્ણયો લેવાયા અને તેના કારણે તેમની સામે આંદોલનો પણ થયા.

બક્ષી પંચ દ્વારા પછાત વર્ગમાં સમાવિષ્ટ જાતિઓની વસતીના આધારે તેમને સત્તાવીસ ટકા અનામતનો અધિકાર આપતાં તેઓ એટલા લોકપ્રિય બન્યા કે ચૂંટણીમાં કોંગ્રેસને વિક્રમજનક એકસો ઓગણનેવું બેઠકો મળી. જોકે કોંગ્રેસ માટે તે જાણે દિવાસ્વપ્ન જ સાબિત થયું. એટલી બેઠકો જીતાડ્યા પછી પણ અનામત આંદોલનના કારણે માધવસિંહને મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપવું પડ્યું હતું. તેમના અનુગામી મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીએ પોતાના શાસનમાં લોકપ્રિય છબી ઊભી કરી હોવા છતાં કોંગ્રેસના સડસડાટ ગબડતા ગ્રાફને અટકાવી શક્યા નહોતા. ચૂંટણી આવતાં પહેલાં તેમને બદલીને ફરી એકવાર માધવસિંહને મુખ્યમંત્રીપદે બેસાડવામાં આવ્યા, છતાં કોંગ્રેસ માત્ર તેત્રીસ બેઠકો પર જ વિજયી થઈ શકી. પરંતુ તેથી કોંગ્રેસના હાઈકમાન્ડનો તેમના પ્રત્યેનો સદભાવ જરાય ઓછો થયો નહોતો. તેમની રાજ્યસભાની બેઠક જાળવી રાખવામાં આવી અને તેમણે વિધાનસભાની બેઠક પરથી રાજીનામું આપી દીધું.

મુખ્યમંત્રી તરીકે તેમણે ગુજરાતના વિકાસકાર્યોમાં જે પ્રદાન કર્યું, તેના કારણે તેમના શાસનકાળને સિદ્ધરાજ જયસિંહના શાસનકાળની લગોલગ 'સોલંકીયુગ' જેવી આભઊંચેરી પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ હતી. તે ગુજરાત રાજ્યના ઈતિહાસનો એક સુવર્ણયુગ હતો. તેમના જીવનના અંતિમ વર્ષના આરંભે એક પત્રકારે તેમને પૂછ્યું હતું કે, "તમારા શાસનમાં લીધેલા નિર્ણયો પૈકી સૌથી યાદગાર અને સંતોષપ્રદ નિર્ણય કયો હતો?"

ત્યારે તેમણે પળનો પણ વિલંબ કર્યા વિના જવાબ આપ્યો હતોઃ "મધ્યાહ્ન ભોજન." ગરીબ બાળકોને એક ટંક ભરપેટ ભોજન મળે–કેવી ઉમદા કલ્પના! તેના કારણે ગામડાંનાં બાળકો હોંશે-હોંશે શાળાએ આવવા લાગ્યાં અને તેમના કુપોષણની સમસ્યાનો પણ ઘણો અંશે ઉકેલ આવ્યો. કૂણા કાળજાવાળા, ગરીબીને નખશિખ પચાવી ગયેલા અને ગાંધીવિચારને સમજણપૂર્વક જીવનમાં આત્મસાત કરનાર માધવસિંહ સોલંકીને જ આવો વિચાર આવી શકે. આ વિચાર તેમણે રાજીવ ગાંધી સમક્ષ રજૂ કર્યો અને ત્યારબાદ સમગ્ર દેશમાં મધ્યાહ્ન ભોજન યોજના અમલમાં મૂકવામાં આવી.

જોકે તેમનું ખરું સ્વરૂપ તો સંવેદનશીલ, સાહિત્યરસિક, કલાપ્રેમી અને માનવતાવાદી 'માણસ'નું હતું. જંબુસર તાલુકામાં આવેલા તેમના જન્મસ્થળે સુન્દરમ્ અને તેમના ખેતરો પાસે-પાસે હતાં. સુન્દરમ્‌ના કાવ્યસંગ્રહના નામ પરથી જ તેમણે પોતાની પ્રથમ પુત્રીનું નામ 'વસુધા' રાખ્યું હતું.

તેઓ કોલેજમાં નિરંજન ભગતના સહાધ્યાયી હતા. રામનારાયણ પાઠકના વિદ્યાર્થી હોવાનું તેમને ગૌરવ હતું. તેઓ ઈન્દિરા ગાંધીના સૌથી વિશ્વાસપાત્ર સાથીઓમાંના એક હતા. પરિવારની પીડા કોની આગળ કહીને હળવાં થવું, એવી અવઢવમાં પડેલાં એ લોખંડી મનોબળ ધરાવતાં મહિલાએ માધવસિંહભાઈ સમક્ષ પોતાનું મન મોકળું મૂકી દીધું હતું. પી. વી. નરસિંહરાવ તેમના પરમ મિત્ર હતા. રાજીવ ગાંધીના નેતૃત્વમાં તેમણે દેશના આયોજનમંત્રી તરીકે સફળ કામગીરી બજાવી હતી. ત્યારબાદ પોતાના સાહિત્યરસિક મિત્ર નરસિંહરાવની સરકારમાં તેમણે વિદેશમંત્રી તરીકે જવાબદારી સંભાળી હતી.

નરસિંહરાવની બંધ મુઠ્ઠી ઊઘડી ન જાય એટલા માટે તેમણે આજીવન પેલી બહુચર્ચિત ચિઠ્ઠીનો ભેદ ખોલ્યો નહોતો. એ ચિઠ્ઠી-પ્રકરણ સાથે તેમનું અંગત રાજકારણ પૂર્ણ થયું હતું, પરંતુ જીવનના શેષ સમય દરમિયાન તેમણે એક ભૂખાળવા વાચક તરીકે સાહિત્ય સાથેનો સંપર્ક અકબંધ જાળવી રાખ્યો હતો. વિદેશયાત્રાઓ દરમિયાન તેઓ સાહિત્યકારો અને મોટા ગજાના કલાકારોને મળવાનો લહાવો લેતા રહ્યા. અભિનેત્રી ઈન્ગ્રિડ બર્ગમેનને રૂબરૂ મળવાની તક તેમને સાંપડી હતી. તેમના જીવનમાં મળેલી કોઈ પણ રાજકીય તક કરતાં એ ક્ષણ વધુ મહત્ત્વની હતી. અમૃત ઘાયલ કે શેખાદમ આબુવાલા સાથેના સંબંધોની વાત કરવા બેસતા ત્યારે સમય પણ જાણે ઘડીક થંભી જતો. મને તેમના પાડોશી તરીકે તેમની સમૃદ્ધ લાઈબ્રેરીનો ઘણો લાભ મળ્યો છે. છેલ્લાં વર્ષોમાં હું કદાચ તેમનો ભાંગ્યાનો ભેરુ રહ્યો હતો. કલાકો સુધી અમારી ગોષ્ઠીઓ ચાલતી. ગુજરાત સાહિત્ય અકાદમીની સ્થાપના કરીને તેમણે કેટલાય સર્જકોને લખતા કર્યા. તેનો સાચો હિસાબ તો તેમના બે સાહિત્યકાર મિત્રો–મોહમ્મદ માંકડ અને ભૂપત વડોદરિયા–જ આપી શકે.

મોહમ્મદ માંકડ અને ભૂપત વડોદરિયા સાથેની મૈત્રી તેમને મન કોઈ પણ મોટા રાજપુરુષ કરતાં વધુ મહિમાવંત લાગતી હતી. તેમના આગ્રહથી શરૂ કરાયેલી ગુજરાત સાહિત્ય અકાદમીનો મોડાસા ખાતે ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ધુરંધર સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. હું એ કાર્યક્રમનો સંયોજક હતો. તેમનું શતાબ્દી વર્ષ શરૂ થઈ રહ્યું છે. એ પ્રસંગે મને આપણા વર્તમાન રાજનેતાઓને એક વિચિત્ર સવાલ કરવાનું મન થાય છે–આજના કેટલા નેતાઓએ સેમ્યુઅલ બેકેટનું નોબેલ પારિતોષિક વિજેતા નાટક 'વેઈટિંગ ફોર ગોડો' વાંચ્યું હશે?

માધવસિંહ સોલંકીએ ગાંધીનગર ટાઉનહોલ ખાતે શેક્સપિયર સોસાયટી દ્વારા આ નાટક ભજવાયું ત્યારે જે પ્રાંજલ અંગ્રેજીમાં તેની સમીક્ષા કરી હતી, તેનું પ્રવચન આટલાં વર્ષો પછી પણ મારા કર્ણપટલ પર પડઘાતું રહે છે. તેઓ ભર્તૃહરિના શ્રૃંગારશતકની વાત માંડતા એટલી જ આસાનીથી શંકરાચાર્યનાં સ્તોત્રો, ભગવદ્ગીતા અને જયદેવના ગીતગોવિંદની ચર્ચા પણ કરી શકતા. તેમની સાથે વિતાવેલી ક્ષણો ચિરંજીવી બની રહેતી. મેં તેમને આત્મકથા લખવા માટે કેટલોક આગ્રહ કર્યો હતો, પરંતુ દર વખતે તેમનો એક જ જવાબ રહેતોઃ "અરે, આત્મકથા તો ગાંધીજી કે જવાહરલાલ નેહરુ જેવા મોટા માણસો લખે... હું તો સાવ સામાન્ય માનવી છું!"

કેવી વિનમ્રતા!